# અરવલ્લી જિલ્લાનું ચૂંટણી ચિત્ર હવે સ્પષ્ટ

## મોડાસા અને બાયડ વિધાનસભા બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર, ભિલોડા વિધાનસભામાં ત્રિ-પાંખીયો જંગ

અરવલ્લી, તા. ૧

અરવલ્લી જિલ્લાની ૩ વિધાનસભાની બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો અને પક્ષની ટિકિટ ન મળતા ટિકિટવાંછુઓ અને વિધાનસભાની ચૂંટણીજંગમાં અન્ય કેટલાક અગ્રણીઓએ અપક્ષ તરીકે ચૂંટણી જંગમાં જંપલાવવા ઉમેદવારી નોંધાવ્યા બાદ ફોર્મ પરત કરવાના દિવસે કેટલાક મુરતિયાઓએ ઉમેદવારી ફોર્મ પાછું ખેંચી લેતા ૩ વિધાનસભાની બેઠક માટે ૨૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા. અરવલ્લી જિલ્લાની બાયડ-માલપુર બેઠક પર કોંગ્રેસ અને ભાજપ પક્ષ દ્વારા ફાળવાયેલી બંને ઉમેદવારો સામે ભારે રોષ ફાટી નીકળ્યો હતો જેમાં કોંગ્રેસમાં ટિકિટ માંગનાર અને ટિકિટથી વંચિત ૬ જિલ્લા પંચાયત સીટ સહીત અગ્રણીઓએ ઉમેદવારી નોંધાવતા હડકંપ મચ્યો હતો અને કોંગ્રેસ કફોડી સ્થિતિમાં મુકાઈ હતી. ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ટોચના નેતાઓ અને સ્થાનિક નેતાઓની સમજાવટ પછી ૬ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા કોંગ્રેસે રાહતનો શ્વાસ લીધો હતો.

મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક પર ભાજપના ભીખુસિંહ પરમાર અને કોંગ્રેસના રાજેન્દ્રસિંહ ઠાકોર વચ્ચે સીધો જંગ જામશે અને બંને ઉમેદવારો ક્ષત્રિય ઠાકોર સમાજના હોવાથી કાંટે કી ટક્કર સાબિત થશે. મોડાસા વિધાનસભા બેઠક પર એનસીપીના મનોજભાઈ રતિલાલ પટેલ, બહુજન સમાજ પાર્ટીના વિષ્ણુસિંહ રૂપસિંહ મકવાણા, જનતાદળ યુનાઈટેડના બાકરોલીયા અબ્દુલરહીમ ઈસ્માઈલભાઈ, ઓ.ઈ.હિ કોંગ્રેસના નિર્ભયસિંહ કિશોરસિંહ રાવ, અપક્ષ તરીકે રણજિતભાઈ સોમાભાઈ ચૌહાણ અને સુરેશભાઈ જયંતીલાલ પટેલ પણ ચૂંટણી લડી રહ્યા છે. ત્યારે આગામી ચૂંટણીમાં કયો પક્ષ બાજી મારશે તે જોવું રહ્યું.

બાયડ-ધનસુરા હાઈપ્રોફાઈલ ગણાતી વિધાનસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ ટિકિટની પક્ષમાં માંગ કરી જીતના દાવાઓ કરી એડીચોટીનું જોર લગાવ્યું હતું અને ગોડફાધરના ચરણે પણ કેટલાક ઉમેદવારોએ ટિકિટ મેળવવા અડિંગો જમાવ્યો હતો અને બંને પક્ષમાંથી ટિકિટ મેળવવા પ્રથમ હરોળમાં ગણાતા નામના બદલે ભાજપે મહેન્દ્રસિંહ



વાઘેલાના ખાસ ગણાતા અને કોંગ્રેસ જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિ પદ પરથી રાજીનામુ આપી ભાજપમાં પ્રવેશ મેળવનાર અદેસિંહ માનસિંહ ચૌહાણને ભાજપાએ ટિકિટ ફાળવાતા હડકંપ મચ્યો હતો અને ઉમેદવાર સામે છેક કમલમ સુધી વિરોધ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો રજુઆત કરવા પહોંચ્યા હતા. ત્યારે આગામી ચૂંટણીમાં કાર્યકરોનો અસંતોષ ભાજપને નડી શકે છે. બીજી બાજુ કોંગ્રેસમાં ૨૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી અને આશ્ચર્યજનક રીતે કોંગ્રેસ દ્વારા ધવલસિંહ ઝાલાને ટિકિટ આપતા કોંગ્રેસના દાવેદારોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને કોંગ્રેસના દિગ્ગજ ગણાતા અગ્રણીઓએ અપક્ષમાં ઉમેદવારી નોંધાવતા ગુજરાત કોંગ્રેસમાં હડકંપ મચતાં ટોચની નેતાગીરી અને સ્થાનિક નેતાઓની સમજાવટ કરી મનાવી લેતા આખરે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે માન્વેન્દ્રસિંહ સોલંકી (સાઠંબા), હિતેષભાઈ પટેલ (રડોદારા), મહેન્દ્રભાઈ પટેલ (અમ્બાગામ), જશુભાઈ શીવાભાઈ પટેલ (હેલોદર), દોલતસિંહ ઝાલા (બોરડી), દેવેન્દ્ર સિંહ ઝાલા (ગાબટ) એ ઉમેદવારી પરત ખેંચી લેતા અને હમ સાથ સાથ હે ની જેમ કચેરીમાંથી બહાર આવતા કોંગ્રેસ પક્ષની નેતાગીરી ઘી ના ઠામમાં ઘી ઠારવામાં સફળ રહેતા બાયડ-માલપુર બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ જામશે તેમજ અન્ય બે અપક્ષ ઉમેદવાર કિરીટકુમાર બાબરભાઈ પટેલ અને બાબરભાઈ મથુરભાઈ પટેલ પણ ચૂંટણી મેદાનમાં જંગ લડશે.

ભિલોડા-વિધાનસભા બેઠક કોંગ્રેસનો ગઢ ગણાય છે ત્યારે આ વિધાનસભા બેઠક પર જિલ્લાની અન્ય બેઠક કરતા વધુ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હોવાથી ખરાખરીનો જંગ જામશે. મુખ્યત્વે આ બેઠકપર ત્રિ-પંખીયો જંગ જામવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે જેમાં કોંગ્રેસના અનિલ જોષીયારા, ભાજપના પી.સી.બરંડા અને ભાજપ પક્ષની ટિકિટમાં સૌથી અગ્રેસર અને ટિકિટ ના મળતા અપક્ષ તરીકે મેદાનમાં ઉતરેલા વિસાત દિનેશભાઈ સાંજાભાઈ વચ્ચે મુખ્યત્વે જંગ જામશે તેવું લોકો માંની રહ્યા છે. કોમ્યુનિસ્ટ પાર્ટીમાંથી સોમાભાઈ સડુજી તબીયાડ, લોક ગઠબંધન પાર્ટીના સુભાષભાઈ સેમ્યુઅલ ભાઈ ખરાડી, ઓ.ઈ.હિ. કોંગ્રસ પાર્ટી હેમંત ભાઈ ધનજીભાઈ ગામેતી, બહુજન મુક્તિ પાર્ટીના ચંદુભાઈ નાનજીભાઈ ડામોર, અપક્ષ તરીકે પ્રતાપસિંહ થાવરજી ડામોર અને દિલીપભાઈ ખીમજીભાઈ નિનામા પણ ચૂંટણીમાં તેમની તાકાત બતાવવા મેદાને પડ્યા છે.

---

**ઉત્તર પ્રદેશમાં સ્થાનિક ચુંટણીમાં ભાજપનો વિજય થતાં પ્રાંતિજ ખાતે**

# ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવ્યો



પ્રાંતિજ તા.૧

ઉત્તર પ્રદેશમાં સ્થાનિક સ્વારાજની ચુંટણી માં ભાજપ નો ભગવો લહેરાતા પ્રાંતિજ ભાજપ કાર્યકરો દ્વારા ફટાકડાં ફોડી વિજયોત્સવ મનાવ્યો.

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા ઉત્તર પ્રદેશમાં સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં થયેલ જીતને લઈને વિજયોત્સવ મનાવ્યો હતો. જેમાં પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા ફટાકડા ફોડીને સૂત્રોચ્ચાર કરી એક બીજાને મોઢું મીઠુ કરી ખુશી વ્યકત કરી હતી. તો આ પ્રસંગે જિલ્લા પ્રમુખ જે. ડી. પટેલ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, મહામંત્રી જીગ્નેશભાઈ પંડયા, જયંતિભાઈ પટેલ, નગરપાલિકા કોર્પોરેટરો સહિત ભાજપ કાર્યકરો, આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ફટાકડા ફોડી આનંદ વ્યક્ત કર્યો હતો.

---

# શામળાજી પોલીસે ૭.૫૦ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૧

ગુજરાત વિધાનસભાના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ગુજરાત ચૂંટણી કમિશને ગુજરાત પોલીસને ગુજરાતમાં દારૂબંધીના કડક અમલવારીની તાકીદ કરતા ગુજરાત થયા છે. વિધાનસભાની ચૂંટણી લડતા ઉમેદવારો જીત મેળવવા દારૂની રેલમછેલ કરતા હોવાની અનેક બૂમો વચ્ચે ગુજરાત પોલીસે પકડેલ દારૂ ઉમેદવારોએ મંગાવ્યો હોવાનું પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.

**એક શખ્સની ધરપકડ, ટ્રક ચાલક ફરાર**

પોલીસ ગુજરાતમાં વેચાતો દેશી અને વિદેશી દારૂ વેંચતા અને ગુજરાતમાં ગેરકાયદેસર દારૂ ઘૂસાડવા પ્રયત્નશીલ બુટલેગરો પર તવાઈ બોલાવતા એક મહિનાની અંદર ગુજરાત પોલીસે ૨૦ કરોડ રૂપિયાનો દારૂ ઝડપી પડ્યો છે, પરંતુ નવાઈની વાત એ છે કે આ દારૂ કોનો હતો અને કોને મંગાવ્યો હતો તે મોટેભાગે રહસ્ય બની રહેતા પોલીસની નક્કર કામગીરી અંગે અનેક સવાલો પેદા અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક વેણપુર ગામ નજીક ટ્રકમાંથી ૭.૫૦ લાખ રૂપિયાનો ગેરકાયદેસર વગર પાસ પરમીટ નો વિદેશી દારૂ કબ્જે કરી એક શખ્સની ધરપકડ કરી ફરાર ટ્રક ચાલક સહીત દારૂ ભરવામાં મદદગારી કરનાર શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કાર્ય હતા.

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર ને.હાઈવે-૮ પર આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પર સઘન પેટ્રોલિંગ





હાથ ધરતા ગુરુવારે રાત્રે ૯ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી સોફ્ટ સ્ટોન પાવડર ભરી આવતી ટ્રક (ગાડી.નં- આરજે.૨૭-જુએ-૭૧૪૧) ને અટકાવી ટ્રકમાં તાપસ હાથ ધરતા સોફ્ટ સ્ટોન પાવડરની પ્લાસ્ટિકની કોથળીઓ નંગ-૪૬૦ની આડમાં સંતાડીને લવાતો ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની પેટી-૧૨૫ કુલ દારૂની બોટલો-૧૫૦૦ કિંમત રૂપિયા ૭૫૦૦૦૦ અને ટ્રકની કિંમત રૂપિયા ૧૦૦૦૦૦૦ મળી કુલ ૧૭૫૦૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ગુરુદયાલ જગદીશ પ્રસાદ જાટ (રહે, નાગલ મોજીયા, અલવર, રાજસ્થાન)ની ધરપકડ કરી ફરાર ટ્રક ચાલક ઈસરખાન નાઈ (રહે. દાદહેરેડા, અલવર, રાજસ્થાન) અને ટ્રકમાં દારૂ ભરવામાં મદદગારી કરનાર કૈલાશજી (રહે. ડબોક, રાજસ્થાન) વિરુદ્ધ શામળાજી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

---

# બનાસકાંઠા જિલ્લામાં ૨૫૫૩ મતદાન મથકો પર ૧૧૨૩૩ પોલીંગ સ્ટાફ ફરજ બજાવશે

પાલનપુર, તા. ૧

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તટસ્થ, ન્યાયી, નિર્ભય, નિષ્પક્ષ અને મુક્ત માહોલમાં ચૂંટણી યોજાય તે માટે જિલ્લાના ચૂંટણી અધિકારી અને કલેક્ટર આર.જે. માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

જિલ્લામાં ૯ વિધાનસભા બેઠકોના કુલ ૨૫૫૩ મતદાન મથકો છે. દરેક મતદાન મથક ઉપર ૧ મહિલા અને ૩ પુરૂષ પ્રમાણે કુલ ૪ પોલીંગ સ્ટાફ મુકવામાં આવશે. જિલ્લાના ૨૫૫૩ મતદાન કેન્દ્રો પર ૮,૪૨૪ પુરૂષો અને ૨,૮૦૮ મહિલાઓ મળી કુલ ૧૧,૨૩૨ પોલીંગ સ્ટાફ મુકાશે.

૧૨૦ ટકા પ્રમાણે પોલીંગ સ્ટાફની પહેલી તાલીમ નવેમ્બરમાં પૂર્ણ થઈ છે. તા. ૨ ડિસેમ્બરના રોજ ઓબ્ઝર્વરની ઉપસ્થિતિમાં કોમ્પ્યુફનટર સોફટવેર મારફત સ્ટાફનું બીજુ રેન્ડમાઈઝેશન ૧૧૦ ટકા પ્રમાણે કરવામાં આવશે. જેમાં વિધાનસભા મતવિભાગની ફાળવણી કરીને ઓર્ડર આપી તાલીમ અપાશે. થર્ડ અને ફાઈનલ રેન્ડથમાઈઝેશન મતદાનના આગળના દિવસે કરીને સ્ટાફને બુથની ફાળણી કરવામાં આવશે.

વિધાનસભાની દરેક બેઠકમાં એક મહિલા મતદાન મથક-સખી મતદાન મથક બનાવાશે જેમાં તમામ સ્ટાફ મહિલા મુકાશે.



અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી રાજસ્થાન રાજ્ય સાથે આંતરરાજ્ય સરહદો ધરાવતો વિસ્તાર હોવાથી વિધાનસભા-૨૦૧૭ ની ચૂંટણી સંદર્ભે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રાજસ્થાનના ઉદેપુર, ડુંગરપુર, સિરોહી સહીત સરહદ પર પોલીસ સ્ટેશનના અધિકારીઓ સાથે આજે મહત્વની બેઠક મંગલમૂર્તિ હોટેલમાં જિલ્લા પોલીસ વડા કે.એન. ડામોરના અધ્યક્ષસ્થાને યોજાયી હતી. જેમાં સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા પણ ઉપસ્થિત રહ્યા હતા અને શાંતિનો માહોલ જળવાઈ રહે અને અસામાજિક તત્વો રાજસ્થાન સરહદેથી ગુજરાતમાં પ્રવેશી અરાજકતા ફેલાવે નહિ તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

---

**ઉત્તર પ્રદેશમાં સ્થાનિક ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થતાં**

## ધનસુરા ચારરસ્તા પર ભાજપ ના કાર્યકરો ધ્વારા ફટાકડા ફોડી ઉજવણી કરાઈ હતી



ધનસુરા, તા.૧

ઉત્તરપ્રદેશ નગરનિગમની ચૂંટણીમા ભાજપનો ભવ્ય વિજય થતા ધનસુરા ચાર રસ્તા ખાતે ફટાકડા ફોડી ઉજવણી કરાઈ હતી. જેમાં યશવંતભાઈ પટેલ - સરપંચ ધનસુરા, અનિલભાઈ પટેલ, મનોજભાઈ પટેલ, મનહર ભાઈ પટેલ, હિરેન પટેલ, નરેન્દ્રભાઈ પટેલ સહિત કાર્યકર્તાઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# હવે, મહેસાણા જિલ્લાની સાત બેઠકો માટે ૧૦૦ ઉમેદવારો જંગમાં

મહેસાણા, તા. ૧

મહેસાણા જિલ્લામાં વિધાનસભાની કુલ સાત બેઠકો માટે આગામી ૧૪મી ડિસેમ્બરે યોજાનાર બીજા તબક્કાની ચૂંટણી માટે કુલ ૧૯૮ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જેમાં ફોર્મ ચકાસણી થતાં તેમજ ઉમેદવારી પરત ખેંચવાના અંતિમ દિવસે ૨૮ ફોર્મ પરત ખેંચાતા હવે કુલ ૧૦૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહેતા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બની ગયેલ છે. આ ચૂંટણીમાં ૧૯૮ પૈકી ૯૮ ફોર્મ રદ/પરત ખેંચાયા હતા.

મહેસાણા જિલ્લાની કુલ સાત વિધાનસભા બેઠકો પર કુલ ૧૦૦ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે. જેમાં ખેરાલુ બેઠક પર ૯, ઊંઝા બેઠક પર ૧૨, વિસનગર બેઠક પર ૯, બેચરાજી બેઠક પર ૧૪, કડી બેઠક પર ૮, મહેસાણા બેઠક પર ૩૪ અને વિજાપુર બેઠક પર ૧૪ ઉમેદવારો રહ્યા છે. જિલ્લામાં સૌથી વધુ મહેસાણા બેઠક પર માન્ય રાજકીય પક્ષો, અપક્ષો મળી કુલ ૩૪ ઉમેદવારો અને જિલ્લાની કડી (અ.પ.) બેઠક પર સૌથી ઓછા આઠ ઉમેદવારો છે. રાજ્યની સૌથી હાઈ પ્રોફાઈલ મનાતી મહેસાણા બેઠક પર ભાજપ, કોંગ્રેસ, અન્ય પાર્ટીઓ, અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી મેદાનમાં ઝંપલાવતા ભારે ચર્ચા જાગી છે. આ બેઠક પર મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર જામી છે. કહે છે કે રાજકીય પક્ષના ઈશારે યા દોરવણીથી કેટલાક ઉમેદવારોએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી મતોનું ધ્રુવીકરણ, ભાગલા પડે તેવી રીત રસમ અજમાવી છે. જિલ્લાની કેટલીક બેઠકો પર સીધો જંગ, કેટલાક બેઠકો પર ત્રિપાંખિયો જંગ જામે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ખાસ કરીને જિલ્લાની મહેસાણા બેઠક પર સૌની મીટ મંડાઈ છે.

દરમિયાન જિલ્લામાં ટિકિટોની ફાળવણીને લઈને ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીઓમાં આંતરિક કલહ પેદા થયો છે. જિલ્લામાં જાતિવાદી સમીકરણોને લઈને ટિકિટની વહેંચણી કરવામાં આવી હોય તેમ જણાય છે. ત્યારે આ સમીકરણો કેટલા અંશે સફળ થશે તે તો મતગણતરી થયા બાદ જ જાણી શકાશે. હાલ મતદારોમાં ચૂંટણીને લઈને કોઈ જ ઉત્સાહ કે ઉમંગ નથી. ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોએ પ્રચાર કાર્ય વેગીલુ બનાવી દીધેલ છે. આ વખતની ચૂંટણીમાં પાટીદાર અનામતનો પ્રશ્ન, ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેકારી બેરોજગારી, કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ જેવા મુદ્દાઓ મુખ્ય બની રહેશે તેવી ચર્ચા થઈ રહી છે.

---

# તલોદ કોલેજમાં આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ દિવસ મનાવાયો

તલોદ, તા. ૧

શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ તલોદના આચાર્ય ડૉ. જે.સી. પટેલના માર્ગદર્શન અને કે.સી.જી.ના આદેશ મુજબ ઉદ્દીશાના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ દિવસ મનાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓના જીવનમાં અન્ય કોઈ કારણોસર કોઈ નિરાશા ન વ્યાપે તે માટે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરતા રોકાય અને તેઓને સાચી સમજણ મળે તે માટે ડીબેટ ગ્રુપ ડિસ્કશન, વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. દિલીપભાઈ ચાવડા અને એન.સી.સી. ઓફિસર પ્રો. મુકેશભાઈ બી. પટેલ કાર્યક્રમનું આયોજન કરેલ હતુ. સંચાલન ડૉ. દિલીપકુમાર ચાવડાએ કરેલ હતુ.

---

# બનાસકાંઠામાં ૧૯,૪૭૪ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે

પાલનપુર, તા. ૧

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી કામગીરીમાં રોકાયેલ પોલીંગ અને અધર સ્ટાફના મળી કુલ ૧૯,૪૭૪ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે. બનાસકાંઠા જિલ્લામાં કુલ ૨૫૫૩ મતદાન મથકો છે. આ મતદાન મથકો પર કુલ ૧૧,૨૩૩ પોલીંગ સ્ટાફ તથા તમામ પોલીસ સ્ટાફ, એસ.ટી. બસોના ડ્રાયવર્સ અને કન્ડકટર્સ, એસ.આર.પી. ગૃપ મડાણા, બોર્ડવીંગ, અનો હોમગાર્ડસના જવાનો વગેરેના ૮૨૪૧ જવાનો મળી કુલ આશરે ૧૯,૪૭૪ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે.

---

## ભાજપનો ડંકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી રહ્યા હતા. ઉત્તર પ્રદેશમાં ભાજપની ઓફિસની બહાર જોરદાર ઉજવણી કરવામાં આવી હતી. ભાજપે ગોરખપુરથી લઈને અમેઠી સુધી શાનદાર જીત મેળવી છે. અયોધ્યા અને અન્ય તમામ ક્ષેત્રોમાં પણ પાર્ટીનો જોરદાર દેખાવ રહ્યો છે. યોગી આદિત્યનાથે જોરદાર ચૂંટણી પ્રચાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરપ્રદેશમાં ૧૬ નગર નિગમ, ૧૯૮ નગર પાલિકા પરિષદ અને ૪૩૮ નગર પંચાયતમાં ત્રણ તબક્કામાં ચૂંટણી પ્રવાહ આવવાની શરૂઆત થયા બાદ ભાજપના કાર્યકરોમાં ભારે ખુશીનુ મોજુ જોવા મળ્યુ હતુ. ભાજપે મોટા ભાગના વિસ્તારોમાં લીડ મેળવી હતી. ભાજપે હાલમાં ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવી હતી. યોગી આદિત્યનાથની કસૌટી તરીકે આને ગણવામાં આવી રહી હતી. યોગી આદિત્યનાથે ચૂંટણી દરમિયાન પુરતી તાકાત લગાવી હતી. શ્રેણીબદ્ધ સભાઓ પણઁ કરી હતી. અંતિમ તબક્કામાં ૨૩૩ સ્થાનિક સંસ્થાઓ માટે છેલ્લા તબક્કામાં ૪૨૯૯ વોર્ડમાં ચૂંટણી યોજાઇ હતી. ૧૦૮૧૦ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા. કુલ ૯૪ લાખ જેટલા મતદારો હતા.

---

## સીધો સંવાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યુવાનો માટે રોલ મોડેલ છુ... અને અત્યાર સુધી બન્ને પક્ષના ઉમેદવારોન મતદારોએ તક આપી છે. પરંતુ કાંઇ કર્યુ નથી. ચંટાયેલા પ્રતિનિધિઓને પ્રજાએ રૂબરૂ જોયા પણ નથી. સીધો સંપર્ક રાખ્યો નથી. રંગમંચો ખંડેર છે. દારૂ જુગારના અડ્ડા ધમધમે છે. તેના માટે કોઈ અસરકારક પગલા લેવાતા નથી. યુવાપેઢી માટે ભયજનક સ્થિતિ છે.

**તમને બહુમત મળે તો ગાંધીનગર માટે શુ કરશો ?**

આમ તો યુવાનો તરફ વિશેષ ધ્યાન છે. યુવાનોને યોગ્ય દિશામાં વાળી સમાજ ઉપયોગી કામ કરવા છે. સ્વચ્છતા અને સાક્ષરતા અભિયાનને પણ વેગ આપવાની અનિવાર્યતા છે. વિકાસની સાથે યુવાપેઢીને વધુ ચેતનવંતી કરવાની દિશામાં કામ કરવુ છે. નગરના શિક્ષિત યુવા બેરોજગારોને ઉદ્યોગોમાં પ્રોત્સાહીત કરવા છે. ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટીટયુટમાં નગરના વિદ્યાર્થીઓ માટે ૧૦ ટકા બેઠકો ફાળવવી છે.

**ગુજરાતમાં ચુંટણીનુ પરિણામ શુ આવશે એન સી પી એમાં ક્યાં હશે ?**

આમ તો ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષને લગોલગ સરખી બેઠક મળશે તેમ લાગી રહયુ છે. જયારે એન સી પી માં ગુજરાતમાંથી ૮૦ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૧૦ થી ૧૨ બેઠકો એન સી પીના પોકેટમાં જાય તેવુ અનુમાન છે. અને માટે જ એન સી પી કીંગ મેકરનો રોલ અદા કરશે.

---



# કાંકરેજ તાલુકાના થરા ખાતે છાપરામાં આગ

કાંકરેજ તાલુકાના થરા ખાતે તેરવાડીયાસમાં આવેલ જીવણભાઈ ઈશ્વરભાઈ વાઘરીના છાપરામાં અચાનક આગ લગતા અફરાતફરી થવા પામી હતી. થરા ફાયર ફાઈટર સવાર આવી આગ પર કાબુ મેળવ્યો હતો. છાપરાની અંદર ઘરવખરીનો સામાન સહીત રોકડ રકમ બળીને ખાખ થઈ ગયો હતો. અને કોઈને પણ જાનહાની થઈ ના હતી.

---

## તડ ને ફડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવાની જરૂર છે. આપણે મતદારો તરીકે નિષ્પક્ષ અને નિર્ભિક રીતે પક્ષ કે ઉમેદવારની સમર્થતાને સમજવાની આવશ્યકતા છે. દંભ-દેખાડો કરતાં નેતાઓ કે ઉમેદવારોને ખુલ્લા પાડીએ, તેમનો અસલી ચહેરો ખુલ્લો પાડવાનો મોકો છે. આ મોકાને મહોત્સવ બનાવવા મહત્તમ મતદાન કરીએ. એ જ સમયની માંગ છે.

- નિમિત્ત માત્ર